" સાફલ્યગાથા "

તા.૦૪/૦૬/૨૦૧૮ થી તા.૧૧/૦૬/૨૦૧૮

**મુદ્દા નંબર (૧) જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.**

- ❖ ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે મીસીંગ સેલની ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.
- ❖ ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની " સેતુ " એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધ કરવામાં આવે છે.
- ❖ ગુમ થયેલ બાળકોને શોધવા વેબસાઇટ http://trackthemissingchild.gov.in/missing/ index.php ઉપર ગુમ થયેલા અને પરત મળેલ બાળકોની ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવે છે.
- ❖ **ઓલપાડ પો.સ્ટે.ગુમ જાણવા જોગ નં.૧૩/૨૦૧૮ ના કામે ગુમ થનાર અમનકુમાર પંચામભાઇ નાવિક ઉ.વ.૨૨ રહે,ઓલપાડ દાદા નગર તા.ઓલપાડ જી.સુરતનાનો તા.૦૫/૦૬/૨૦૧૮ ના રોજ પરત મળી આવેલ છે.**

## ❖ જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી

- ❖ **પલસાણા I.ગુ.ર.નં -૩૯/૨૦૧૮ IPC કલમ ૩૭૯.૧૧૪મુજબ રાજુ સ/ઓ ઠાટીયા તોમર રહે - રૂમ ન-૨૪ ભુપતભાઇ ભરવાડભાઇના મકાનમા ભરવાડવાસ કાપોદ્રા સુરત .મુળ રહે - ગામ-બડી ઉતાવલી તડ્વી ફળીયુ ,થાના સોડવા જિ- અલી રાજપુર (એમ.પી) (2) કુવેરસીગ ઉર્ફે બાટી ઉર્ફે રાકેશ ઉર્ફે કનકસીગ રહે - રૂમ ન-૨૩ ભુપતભાઇ ભરવાડભાઇના મકાનમા ભરવાડવાસ કાપોદ્રા સુરત .મુળ રહે - ગામબડી ઉતાવલી તડ્વી ફળીયુ ,થાના સોડવા જિ- અલી રાજપુર (એમ.પી) તા- ૦૪/૦૬/૨૦૧૮ ના કલાક ૧૯/૩૦ વાગે અટક કરેલ છે.**
- ❖ **બારડોલી I ગુ.ર.નં. ૭૪/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૩૦૨ મુજબગુનાના કામે આરોપી બકુલભાઇ બાલુભાઇ હળપતિ રહે. અકોટી વાડી ફળિયુ તા. બારડોલી જી.સુરત ૦૫/૦૬/૨૦૧૮ ના કં-૨૨/૦૦ વાગ્યે અટક કરેલ છે.**
- ❖ **કામરેજ પોસ્ટે I-૧૩૦/૨૦૧૮ ઇ.પી.કો કલમ-૩૦૨,૧૨૦(બી) મુજબ ધીરૂભાઇ ડોડા રહે.ઇશ્વરકૃપા સો.સા ઘર નં.૧૮૫લક્ષ્મણનગર ચોક પાસે કાપોદ્રા સુરત તા.૦૬/૦૬/૨૦૧૮ કા-૨૦/૦૦ વાગે અટક કરેલ છે.**
- ❖ **માંડવી I ગુ.ર.નં. - ૩૪/૨૦૧૮ IPC કલ્મ ૨૭૯,૩૩૭,૩૩૮, તથા M.V.act 177,184 મુજબ રતીલાલા છગનભાઇ ગામીત ઉ.વ. ૫૯ રહે. પાતાલ ગામ ભાવી ફળીયુ તા. માંડવી, જિ.સુરત તારીખ.૦૬/૦૬/૨૦૧૮ કલાક- ૧૪/૦૦ વાગ્યે અટક કરવામા આવેલ છે.**
- ❖ **બારડોલી I ગુ..ર.નં.- ૭૨/૨૦૧૮ ઈ.પી.કો કલમ- ૩૦૪,૩૩૭,૧૧૪ મુજબ (૧) નસરૂલ્લાહખાન હમીદખાન પઠાણ રહે.બારડોલી મોતીમહેલ એપાર્ટમેન્ટ તા.બારડોલી જિ.સુરત તા-૩૦/૦૫/૨૦૧૮ કં-૧૩/૩૦ વાગ્યા અટક કરવામા આવેલ છે.**
- ❖ **બારડોલી પોસ્ટે I ગુ.ર.નં-૭૧ /૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૦૨,મુજબ વનરાજ ઉર્ફે વનો ઉર્ફે વિનોદ પોપટ્ભાઇ પટેલીયા રહે, મુળ –ભંડારીયાદેવીપુજક વાસ ટેકરી ઉપર તા—જી-ભાવનગર રહે ,હાલ તરભોણ ગામની સીમમાં કમલેશભાઇ પટેલની વાડીમાં તા- બારડોલી જી-૦૭/૦૬/૨૦૧૮ ના કલાક - ૨૦/૦૦ વાગ્યે અટક કરવામા આવેલ છે.**

- **પલસાણા । ગુ.ર.ન.- ૬૮ /૨૦૧૮ ઇ.પી.કો.-૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ મુજબ હિરલ અરવિંદભાઈ પંચાલ રહે-ચાણક્યપુરી,તેન ગામ,તા-બારડોલી,જી-સુરત તારીખ-૧૦/૦૬/૨૦૧૮ કલાક-૧૭/30 અટક કરવામા આવેલ છે.**
- **કામરેજ । ૧૫૦/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબરાજ કરણસિહ ઠાકુર રહે – ઘલા તાપી કિનારે ઈશ્વરભાઈની નાવડી પર તા.કામરેજ જી.સુરત મુળ રહે – પ્રતાપૌર તા.કુંડા થાના-સંગ્રામગઢ જી.પ્રતાપગઢ** તા-૧૦/૦૬/૨૦૧૮ ક્લાક ૧૭/૦૦ **વાગ્યે અટક કરવામા આવેલ છે.**
- **કામરેજ । ૧૩૦/૨૦૧૮ IPC કલમ ૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦ બી** મુજબ રજની ઉર્ફે રજની પલ્સર S/O રમેશભાઇ ખોખર રહે- પ્રતાપગઢ ધા નં- ૧૧૧, પ્રભુકૃપા સો.સા. લક્ષ્મણ નગર ચોક કાપોદ્રા સુરત (2) ધવલ ઉર્ફે ભુરો લુવાણો S/O ગિરીશભાઇ લક્સ્મીદાસ નથવાણી રહે હાલ - ૨૩,૨૪ હરિઓમ સો.સા. અશ્વિનીકુમર રોડ વરાછા સુરત (3) વિપુલ ઉર્ફે કાનો S/O ભુપતભાઇ પરસોત્તામભાઇ ચૌહાણ રહે- નાની વાવડી કોળીવાસ તા- ગારીયાધર જી- ભાવનગર **તા-૧૦/૦૬/૨૦૧૮ ક્લાક ૧૯/૪૫ વાગ્યા અટક કરવામા આવેલ છે.**



# ઇસરોલી પાસેથી કતલખાને લઇ જવાતાં 7 વાછરડાંને બચાવાયાં

## અકસ્માતગ્રસ્ત વાનને મુકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો

ભાસ્કર ન્યૂઝ | વાંકાનેર

બારડોલી તાલુકાના ઈસરોલી ગામે વાનમાં 7 વાછરડા ખીચો ખીચ ભરી કતલખાને લઈ જતા ગૌરક્ષકોએ પીછો કરતા એક પીકઅપની પાછળ અથડાવી દઈ વાન છોડી ભાગે ગયો હતો. ગૌરક્ષકોએ 7 વાછરડાને ઉગાર્યા હતા.

બારડોલીના ગૌરક્ષક જગદીશ ભરવાડને ટેલિફોનિક બાતમી મળી હતી. મળસ્કે મહુવાના અનાવલ તરફથી એક વાનમાં ક્રૂરતાપૂર્વક વાછરડા ભરીને સુરત કતલખાને લઈ જવાય છે. જે આધારે મહુવાથી ગૌરક્ષકોએ પીછો કરતા વાન નંબર જીજે-05-સીએચ-0391નો ચાલક પુરઝડપે મારૂતીવાનને ભગાડી હતી. પરંતુ બારડોલીના ઈસરોલી ગામની સીમમાં નળિયાના કારખાના નજીક એક પીકઅપની પાછળ મારૂતીવાન અથડાવી હતી. અકસ્માત થતા વાછરડા ભરેલી વાન છોડી ચાલક ભાગી ગયો હતો. ગૌરક્ષકો સ્થળ પર આવી પહોંચતા મારૂતીવાનમાં કોઈપણ ઘાસચારો કે પાણીની સગવડ કર્યા વગર ટૂંકા દોરડા વડે ક્રૂરતાપૂર્વક જર્સી ગાયના 7 જેટલા વાછરડા ભરેલા મળી આવ્યા હતા. જેને કતલખાને જતા બચાવી લેવામાં આવ્યા હતા. તાત્કાલિક બારડોલી પોલીસમાં જાણ કરતા 37 હજારનો મુદ્દામાલ પોલીસે કબ્જે લઈ પશુ ક્રૂરતા અંગેનો ગુનો નોંધી તપાસ બારડોલી પોલીસે હાથ ધરી છે.



# કડોદરા પાસેથી રૂ.45 હજારનો દારૂ ભરેલો ટેમ્પો ઝડપી પડાયો

## 3 મહિલા અને ટેમ્પો ડ્રાઈવરની અટક કરવામાં આવી

ભાસ્કરન્યુઝ | બારડોલી

કડોદરા ખાતેથી એલસીબી પોલીસે બાતમી આધારે રાત્રે એક ટેમ્પામાં ત્રણ મહિલાઓ કોથળામાં વગર પાસ પરમીટનો 45 હજારનો વિદેશીદારુ સાથે ત્રણ મહિલા સહીત ડ્રાઈવરને ઝડપી પાડ્યા હતા.

સુરત જીલ્લા એલસીબી પોલીસને બાતમી મળી હતી કે એક નંબર વગરના ટેમ્પામાં ત્રણ મહિલાઓ કોથળામાં વિદેશી દારુ ભરીને સુરત શહેરમાં ઘુસાડવાના છે. જે આધારે કડોદરા નજીક એક હોટલ પાસે પોલીસે વોચ રાખી હતી. આ સમયે ટેમ્પો પસાર કરતા આડશ કરી ઉભો રાખ્યો હતો. જેમાંથી ટેમ્પો ચાલક રહીમ ગયાઝ સૈયદ ( ચીરાગનગર ઘટકોપોર મુંબઈ) નો હોવાની ઓળખ આપી હતી. ટેમ્પાની પાછળ જોતા ત્રણ મહિલા પ્લાસ્ટીકના કોથળાઓમાં વિદેશીદારુનો જથ્થો ભરેલી હાલતમાં મળી આવ્યો હતો. નામઠામ પુછતા ગુલીબેન કસલાભાઈ ભીલવાણા સોનકીબેન લલ્લુભાઈ પલાશ અને અમલાબેન સનુભાઈ ભાંભોર (ત્રણે રહે. અંબિકાનગર પાલનપુર જકાતનાકા સુરત) હોવાની ઓળખ આપી હતી. તેમની પાસેથી અલગ અલગ બ્રાડની વ્હીસ્કી બીયરની 912 નંગ બોટલ મળી આવી હતી જેની કિંમત 45,600 રુપીયા જ્યારે નવા ટેમ્પાની કિંમત 15લાખ મળી કુલ 15,42,600રુપીયાનો મુદ્દામાલ પોલીસે કબ્જે લઈ ત્રણ મહિલા બુટલેગર સહીત ટેમ્પા ચાલકની ધરપકડ કરવામાં આવી હતી. ત્રણે મહિલા છુટક વેચાણ કરવા દમણથી દારુ લાવી હોવાની કબુલાત પણ કરી હતી. કડોદરા પોલીસે આગળની કાર્યવાહી હાથધરી છે.

# 04-06-2018 To 10-06-2018 Weekly Call Detail.

| Call Grade | Category | Number of Calls | |
|---|---|---|---|
| 0 | Miss Calls | 59 | 126 |
| | Drop calls | 67 | |
| | Wrong Calls | 00 | |
| | Blank calls | 00 | |
| 1 | Information Calls | 254 | |
| 2 | Receive Calls | 84 | |
| 3 | Follow up Calls | 103 | |
| | Total Calls | 567 | |

| Category | Number of Calls | Total |
|---|---|---|
| Male | 304 | 567 |
| Female | 131 | |
| NA | 133 | |
| StudentStudents | 185 | |

**નંબર (૩) ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.**

- ❖ ટ્રાફીક જનજાગૃતિ અંગે નેશનલ હાઇવે તેમજ અન્ય રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારના સાઇન બોર્ડ લગાડવામાં આવેલ છે.
- ❖ ટ્રાફીકના એજયુકેશન બોર્ડની પબ્લીક ના સહયોગ દ્વારા ખુબજ ટુંકા ગાળામાં શરૂઆત કરવામાં આવનાર છે.

**મુદા નંબર (૪) ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે.**

- ❖ નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ રાખેલ રાખવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- ❖ વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, એમ.સી.આર.ઇસમો, અવાવરૂ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવે છે.
- ❖ એસ.ઓ.જી.અને BDDS ની ટીમ અને આધુનિક ઉપકરણો દ્વારા જાહેર સ્થળો, વાયટલ ઇન્સ્ટોલેશન, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, જાહેર પાર્કિંગ સ્થળો, ભીડ વાળી જગ્યાઓ, મંદીર, વિગેરે સ્થળો ઉપર અવારનવાર સઘન ચેકીંગ કરવામાં આવે છે.